સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૩૩/૨૦૨૧ થી નિયુકત કરવામાં આવેલ ઓડીટ વાંધાઓના નિકાલ કરવા માટેની પેટા સમિતિની તા.૨૯–૭–૨૦૨૨ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::

મ્યુ.ચીફ ઓડીટરશ્રીના તા.૨૬–૭–૨૦૨૨ ના પત્ર નં.ઓડીટ/કન્ટી/૪૪/૨૦૨૨–૨૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાના વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૧ સુધીના વિવિધ ઝોન/ખાતા લેવલે પેન્ડીંગ વાંધાઓની પૂર્તતા બાબતે પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૦૮ થી ૨૦૨૧ સુધીના વિવિધ ઝોન/ખાતા લેવલે પેન્ડીંગ વાંધાઓની પૂર્તતા બાબતે ઓડીટ પેટા સમિતિ ધ્વારા ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં વધુમાં વધુ વાંધા દફતરે થાય તે માટે સુચના આપવામાં આવેલ. સદર બાબતે ઓડીટ વિભાગને પણ વાંધાઓની પુર્તતા કરવા બાબતે તમામ પ્રયત્નો જેવા કે, વાંધાઓની માહિતી આપવી. ઓડીટ વિભાગમાં પુર્તતાની સમજણ માટે ઝોન વાઈઝ/વિભાગ વાઈઝ સમય તથા નોડલ ઓફીસર ફાળવવા.

(૨) મ્યુ.કમિશનરશ્રીના પરીપત્ર નં.એકા/સી.આઈ.આર/૦૪, તા.૧૭–૬–૨૦૧૦ માં જણાવ્યા મુજબ તમામ ફાઈનલ બીલ ૮૦ દિવસની અંદર બની જાય તેની તમામ ઝોન/ખાતા લેવલે ચોકસાઈ રાખી કામગીરી કરવી.

(૩) જે બીલોની ઉપસ્થિત થયેલ વાંધાઓને લીધે ચુકવણી માન્ય કરેલ નથી તેની તાત્કાલીક પુર્તતા કરાવવી.

(૪) ઘણા કિસ્સાઓમાં જે તે ઝોન વિભાગ ધ્વારા બીલની ચુકવણી થઈ ગયેલ હોય છતા પણ ૭૩(ડી) માં જાણ કરેલ ન હોય તેવા કિસ્સાઓમાં તાકીદના ધોરણે સક્ષમ સત્તા સમક્ષ જાણ કરવી તથા સ્થાયી સમિતીમાં રજુ કરવાનું હોય તો તેની દરખાસ્ત રજુ કરી તાત્કાલીક પગલા લેવા.

ઠરાવ નં.૧/૨૦૨૨ સર્વાનુમતે મંજુર.

સ.ર.મુખ્ય અન્વેષકશ્રી,

સહી/–
મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા. –૮–૨૦૨૨.

FOR INFORMATION PURPOSE

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose"